આંક–૧૯

અમદાવાદની મજુર અદાલત નં.૫ ના પ્રમુખ અધિકારી શ્રી એસ.બી.શાહ સમક્ષ.
રેફરન્સ (ડી) નં. ૧૭/૨૦૦૮

એશીયન પેઈન્ટસ લી.,
બ્લોક નં. ૭૯૧/૭૯૩,
આલ્ફા હોટલ સામે,
અસલાલી તા.દસક્રોઈ,
જી.અમદાવાદ. **પ્રથમ પક્ષકાર.**

**વિરુધ્ધ**

સૂર્યોદય લેબર યુનીયન,
૧૭, ગ્રાઉન્ડ ફલોર,
નવગુણ એસ્ટેટ,વી.એકસપ્રેસ,
વિજય ટ્રાન્સપોર્ટ સામે,
કાશીરામ ટેક્ષ.પાસે,
નારોલ,અમદાવાદ. **બીજા પક્ષકાર.**

**વિષયઃધી આઈ.ડી.એકટની કલમ–૧૦(૧)(સી) હેઠળનો ઔદ્યોગિક વિવાદ.**

હાજર રહયાઃ પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ.શ્રી વી.એસ.પાટીલ.
બીજા પક્ષકાર તરફે : યુનિ.પ્રતિ.શ્રી વી.કે.કાઝી.

**::ત્રાહિતને પક્ષકાર બનાવવા માટેની આંક–૧૯ ની અરજી હેઠળ હુકમ ::**

**૧.** પ્રથમ પક્ષકારની સદર અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, આ કામના બીજા પક્ષકારે પગાર વધારાની તથા અન્ય માંગણીઓ ઉપસ્થિત કરેલ છે તેમજ માંગણી નં.૯ માં કોન્ટ્રાકટરના કામદારોને સંસ્થાના કામદાર ગણી તે મુજબના પગાર તથા અન્ય હકકો આપવાની માંગણી કરેલ છે. બીજા પક્ષકારે માંગણાનાં નિવેદનમાં કયા કોન્ટ્રાકટરના કામદારોની માંગણી કરવામાં આવેલ તે સ્પષ્ટ કરેલ નથી પરંતુ તેઓએ રજુ કરેલ સોગંદનામામાં પગારચિઠ્ઠી રજુ કરવામાં આવેલ છે તે શ્રી બી.ડી.શર્મા નામના કોન્ટ્રાકટરની છે. વધુમાં બીજા પક્ષકારે અમો પ્રથમ પક્ષકાર સામે રીકવરી અરજીઓ પણ કરેલ છે.જેમાં તેઓએ સદરહુ કોન્ટ્રાકટરને પક્ષકાર બનાવેલ છે.

વધુમાં અમો પ્રથમ પક્ષકારે અમારા લેખીત જવાબમાં જણાવેલ છે કે, સંસ્થામાં કામ કરતા કોઈ કામદાર બીજા પક્ષકાર યુનીયનની સભ્યો નથી પરંતુ તેઓએ રજુ કરેલ દસ્તાવેજો જોતાં આ માંગણીઓ કોન્ટ્રાકટરના કામદારો માટેની હોય તેવું જણાય આવે છે. આ સંજોગોમાં સંબંધીત કામદારોની નોકરીની સાચી હકીકતો આ રેફરન્સના અસરકારક ન્યાયનિર્ણય માટે સદરહુ કોન્ટ્રાકટરને પક્ષકાર નં.૨ તરીકે જોડવાનો હુકમ કરવા અરજ ગુજારેલ છે.અરજીમાં સુચિત પક્ષકારનું નામ સરનામું લખેલ છે.

**૨.** શર્મા રોડલાઈન્સના પ્રોપરાઈટરે આંક–૩૨ થી પ્રથમ પક્ષકારની આંક–૧૯ ની અરજીનો લેખીત જવાબ રજુ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાએ સદર રેફરન્સ કેસના સંબંધીત કામદારો અમારા કામદારો છે તેથી આ કામમાં અમોને પક્ષકાર બનાવવામાં આવે તે સામે વાંધો ન હોઈ તે મુજબ હુકમ કરવા અરજ કરેલ છે.

**૩.** મુળ પ્રથમ પક્ષકાર વતી વિ.વ.શ્રી વી.એસ.પાટીલ તથા બીજા પક્ષકાર વતી યુનિ. પ્રતિનિધિ શ્રી વી.કે.કાઝીની દલીલો સાંભળવામાં આવી.

**૪.** રજુ આંક–૧૯ ની અરજી, તેનો જવાબ તથા વિ.પ્રતિનિધિશ્રીઓની દલીલો ઘ્યાને લેતાં મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુ દ્દા ઓ ::**

(૧) શું અરજીમાં જણાવ્યા મુજબ કોન્ટ્રાકટર શ્રી બી.ડી.શર્માને પ્રથમ પક્ષકાર નં.૨ તરીકે જોડવાપાત્ર છે?

(૨) શું હુકમ?

**૫.** ઉપરોકત મુદ્દાઓનો મારા મતે નીચે જણાવેલ કારણોસર નિર્ણય થાય છે.

મુદ્દા નં.૧: હકારમાં.

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

**મુદ્દા નં.૧ :**

બીજા પક્ષકારે રજુ કરેલ માંગણાનું નિવેદન તથા રેકર્ડ ઉપરની હકીકતો જોતાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ કામદારો કોન્ટ્રાકટર શ્રી બી.ડી.શર્માના હોવાનો બચાવ લીધેલ છે. જયારે બીજા પક્ષકારે તે અંગે સખત વાંધો લીધેલ છે. સમગ્ર હકીકતો જોતાં બંને પક્ષકારોનો પુરાવો હજુ સુધી રેકર્ડ કરવામાં આવેલ નથી. પુરાવો રેકર્ડ થયા બાદ ખરેખર કામદારો કઈ સંસ્થાના છે તે રેકર્ડ

ઉપર આવી શકે. કોન્ટ્રાકટરને પક્ષકાર તરીકે જોડવાથી કોઈપણ પક્ષકારના ગુણદોષને બાધ આવશે નહી તેવા અવલોકન સાથે મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## :: હુ ક મ ::

**૧.** પ્રથમ પક્ષકારની આંક–૧૯ ની અરજી મંજુર કરવામાં આવે છે.

**૨.** અરજીમાં જણાવ્યા મુજબ કોન્ટ્રાકટર શ્રી બી.ડી.શર્મા, શર્મા રોડ લાઈન્સ,ગ્રાઉન્ડ ફલોર, અંબિકા કોમ્પલેક્ષ,નારોલ ચાર રસ્તા પાસે, નારોલ, અમદાવાદને પ્રથમ પક્ષકાર નં.૨ તરીકે જોડવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** બીજા પક્ષકારે કામ મળ્યેથી દિન–૧૦ માં માંગણાનાં નિવેદનમાં સુધારો કરી સુધારાવાળી માંગણાની નકલો તમામ પક્ષકારોને આપવી.

૪. સદર રેફરન્સ કેસની હવે પછીની સુનાવણી તા. ૦૨/૦૨/૨૦૧૫ ના રોજની મુકરર કરવામાં આવે છે.

૫. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તારીખ : ૧૩–૦૧–૨૦૧૫
સ્થળ : અમદાવાદ.

(સંજય બાબુલાલ શાહ)
પ્રમુખ અધિકારી
લેબર કોર્ટ નં.૫,અમદાવાદ.

**CODE: GJ00755**

**P.N.SHAH ,P.A.**